# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-03-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અમિતા વાંઝા** વાંચે છે.

---

- ચૂંટણી પંચ દ્વારા માન્ય કરાયેલા દસ્તાવેજને આધારે મતદાન કરી શકાશે. જો કે મતદાર યાદીમાં નામ હોવું જરૂરી છે.
- ચૂંટણી પંચની સી-વિજીલ એપ દ્વારા અત્યાર સુધીમાં રાજ્યભરમાંથી આચારસંહિતા ભંગની 588 ઓનલાઇન ફરિયાદો મળી છે.
- અમદાવાદ શહેર અને જિલ્લામાં ૧૮થી ૧૯ વર્ષની વય જૂથના ૧ લાખ ૫ હજાર ૫૬૯ મતદારો પ્રથમ વખત મતદાન કરશે.
- આજે વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણી.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# ELECTION PRESS – P.BHARTI

મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું કે, ચૂંટણી પંચ દ્વારા માન્ય કરાયેલા 12 દસ્તાવેજો પૈકી કોઈ એક દસ્તાવેજને આધારે મતદાન કરી શકાશે. પરંતુ, આ માટે મતદાર યાદીમાં નામ હોવું જરૂરી છે. તમામ નાગરિકોને મતદાર યાદીમાં પોતાનું નામ ચકાસી લેવા મુખ્ય ચૂંટણી અધિકારીએ અનુરોધ કર્યો છે.

મુખ્ય ચૂંટણી અધિકારીએ વધુમાં જણાવ્યું કે નવા ઓળખકાર્ડ- એપિક કાર્ડ માટે અરજી કરનારા મતદારોને સમયસર એપિક કાર્ડ મળી જાય તેની પૂરતી વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે ,તેમજ કોઈપણ મતદારને મત આપવા માટે સમસ્યા ન સર્જાય તે માટે તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને નિર્દેશો આપી દેવામાં આવ્યા છે.

**આદર્શ આચારસંહિતાના ભાગ રૂપે** અત્યાર સુધીમાં સમગ્ર સરકારી મિલકતો પરથી કુલ 1 લાખ 60 હજાર 718 તથા ખાનગી મિલકતો પરથી કુલ 58 હજાર 697 રાજકીય પ્રચાર અર્થેના પોસ્ટર-બેનરો તથા પ્રચાર-પ્રસાર સંબંધી જાહેરાતો દૂર કરવામાં આવી છે.

રાજકીય પક્ષો અને ઉમેદવારો માટે નક્કી કરવામાં આવેલી ખર્ચ મર્યાદા જળવાઈ રહે તે માટે ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ માટે રાજ્યમાં 756 ફ્લાઈંગ સ્કવોર્ડ્સ કાર્યરત કરવામાં આવી છે, જે દ્વારા અત્યાર સુધીમાં **રાજ્યભરમાંથી રોકડ, દારૂ, સોનું-ચાંદી અને ચરસ સહિતની 42 કરોડ 62 લાખની વસ્તુઓની અટકાયત કરવામાં આવી છે .**

-------------------

# C VIGIL APP - ELECTION PRESS

ચૂંટણી પંચની સી-વિજીલ એપ દ્વારા અત્યાર સુધીમાં રાજ્યભરમાંથી આચારસંહિતા ભંગની 588 ઓનલાઇન ફરિયાદો મળી છે. આ તમામ ફરિયાદોનો સમયમર્યાદામાં તાત્કાલિક યોગ્ય નિકાલ કરવામાં આવ્યો છે.

વધુમાં મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી પી.ભારતીએ આ મુજબ જણાવ્યું.

(બાઇટ- પી.ભારતી, મુખ્ય ચૂંટણી અધિકારી)

અત્રે ઉલ્લેખનીય છે કે ચૂંટણી પંચની સી-વિજીલ એપ ચૂંટણી પ્રક્રિયા ઉપર ચાંપતી નજર રાખી રહ્યું છે. આ એપ દ્વારા આદર્શ આચારસંહિતાના ભંગ અંગેની ઓનલાઇન ફરિયાદો, ફોટા, વિડિયો, વગેરે સીધુ જ ચૂંટણી પંચને મોકલી શકાય છે.

આ ઉપરાંત ચૂંટણી સંદર્ભે મળતી ફરિયાદોનો ઝડપથી નિકાલ થાય તે માટે ગાંધીનગર ખાતે નિયંત્રણ કક્ષ કાર્યરત કરવામાં આવ્યું છે. જેમાં ચૂંટણી સંબંધિત ફરિયાદો અને રજૂઆતો સ્વીકારવામાં આવશે.

------------

# AHMEDABAD-LOKSABHA ELECTION

અમદાવાદ જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી પ્રવીણા ડી.કે.એ જણાવ્યું કે અમદાવાદ શહેર અને જિલ્લામાં ૧૮થી ૧૯ વર્ષની વય જૂથના ૧ લાખ ૫ હજાર ૫૬૯ મતદારો પ્રથમ વખત મતદાન કરશે.

જેમાં ૬૪ હજાર ૮૩૯ પુરુષ અને ૪૦ હજાર ૭૨૭ મહિલાઓનો સમાવેશ થાય છે. જ્યારે વિરમગામ, સાણંદ અને વેજલપુર વિધાનસભા પૈકી પ્રત્યેકમાં એક એક એમ કુલ ૩ મતદારો થર્ડ જેન્ડર છે.

આગામી લોકસભા ચૂંટણી 2024ની તૈયારીઓના ભાગરૂપે અમદાવાદના જિલ્લા ચૂંટણી અધિકારી પ્રવીણા ડી.કે. એ ઇવીએમ સ્ટ્રોંગ રૂમ અને મતદાન મથકની મુલાકાત લીધી હતી. મતદાન મથકની મુલાકાતમાં શહેર પોલીસ કમિશનર જી.એસ.મલિક પણ સહભાગી થયા હતા.

જિલ્લા કલેક્ટર અને શહેર પોલીસ કમિશનર સહિતના મહાનુભાવોએ અમદાવાદ પૂર્વ લોકસભાના બાપુનગર વિધાનસભાના મતદાન મથક અને ઇવીએમ સ્ટ્રોંગ રૂમની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત BSNL IDC ડેટા સેન્ટરની પણ મુલાકાત લીધી હતી.

મતદાન મથક અને ઇવીએમ સ્ટ્રોંગ રૂમ ખાતે કોઈ ખલેલ ન પહોંચે અને ગોપનીયતા જળવાઈ રહે તેમજ કેન્દ્રીય ચૂંટણી પંચ તરફથી આપવામાં આવેલ સૂચનાઓની ચુસ્ત અમલવારી થઈ શકે તે અંગે ચર્ચા વિચારણાઓ કરવામાં આવી હતી.

--------------

**MEDIA CENTER**

લોકસભા ચૂંટણી દરમિયાન જિલ્લાના મીડીયા પ્રતિનિધિઓ અને સામાન્ય નાગરિકોને ચૂંટણીલક્ષી વિગતો ઉપલબ્ધ કરાવવા માટે જિલ્લાઓમાં મીડીયા સેન્ટર  ઉભા કરવામાં આવ્યા છે. રાજ્યના જિલ્લા ચૂંટણી અધિકારીઓ મીડીયા સેન્ટરની મુલાકાત લઇ રહ્યા છે.

અમારા વિવિધ જિલ્લાના પ્રતિનિધિઓ આ અંગેનો અહેવાલ આપી રહ્યા છે.

સુરેન્દ્રનગર જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે જિલ્લા ચૂંટણી અધિકારી કે.સી.સંપટે  માહિતી કચેરી ખાતે મીડીયા સેન્ટરનો શુભારંભ કરાવ્યો.

વલસાડ જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે જિલ્લા ચૂટંણી અધિકારીએ મીડિયા મોનીટરીંગ સેલની મુલાકાત લઇ કર્મચારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

સુરતના બહુમાળીમાં આયોજન ભવન ખાતે શરૂ કરવામાં આવેલ મીડિયા મોનીટરીંગ રૂમની મુખ્ય ચૂંટણી અધિકારી સૌરભ પારધીએ મુલાકાત લીધી હતી.. આ વિશે સૌરભ પારધીએ પત્રકારોને સંબોધતા આ મુજબ જણાવ્યું હતું,

(બાઈટ -  સૌરભ પારધી, મુખ્ય ચૂંટણી અધિકારી, સુરત)

ડાંગ જિલ્લા ચૂંટણી અધિકારી મહેશ પટેલે ચૂંટણીલક્ષી કામગીરી માટે જિલ્લા મથકે શરૂ કરાયેલા મીડિયા સર્ટિફિકેશન એન્ડ મોનિટરિંગ કમિટી, ઇલેક્ટ્રોનિક્સ મીડિયા મોનિટરિંગ કમિટી, સહિત હેલ્પલાઇન સેન્ટર, અને સી-વિજીલ ફરિયાદ કક્ષની મુલાકાત લીધી હતી.

------

# MATDAN JAGRUTI

ગુજરાત લોકસભા ચૂંટણી અંતર્ગત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મતદાર જાગૃતિ કાર્યક્રમો યોજવમાં આવી રહ્યા છે.

છોટા ઉદેપુર જિલ્લાના કવાંટ ખાતે યોજાતા મેળામાં જીલ્લા વહીવટી તંત્ર દ્વારા ભવાઈ નાટક રજુ કરી મતદાન જાગૃતિ માટે ભવાઈ નાટક રજૂ કરવામાં આવ્યું હતું .અને છોટા ઉદેપુર શિક્ષણ વિભાગ અને જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા શ્રેષ્ઠ શિક્ષકોની ટીમ દ્વારા મતદાનનું મહત્વ સમજાવતું નાટક રજુ કરી મતદાન જાગૃતી લાવવાનો  પ્રયાસ કરવામાં આવ્યો હતો.

મહેસાણાથી અમારાં પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે, જિલ્લામાં સ્વીપ અંતર્ગત મતદાન જાગૃતિની વિવિધ 63 પ્રવૃતિ કરવામાં આવી.

પાટણથી અમારાં પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે , સિધ્ધપુર તાલુકાના કાકોશી મુકામે ગરબા કરીને લોકોને મતદાનની મહત્તા અંગે જાગૃત કરવામાં આવ્યાં. ચાણસ્મા તાલુકાની શાળાઓમાં મતદાન જાગૃતિ અંગેની રેલીનું આયોજન કરવામાં આવ્યું હતુ. શાળાઓમાં રંગોળી અને ચિત્ર સ્પર્ધા દ્વારા પણ મતદાન જાગૃતિનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

વિદ્યાર્થીઓ દ્વારા સાયકલ રેલી કરીને મતદાન જાગૃતિ અંગેના સુત્રોચાર કરવામાં આવ્યા અને મતદાન કરવા માટે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા.

------------

# PIB - ELECTION

પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરોએ લોકસભાની ચૂંટણીને આવરી લેતા મીડિયા કર્મચારીઓ માટે ખાસ વેબસાઇટ શરૂ કરી છે. આ વેબસાઈટમાં ડિજિટલ ફ્લિપ બુક જેવી સુવિધાઓ છે, જેમાં લોકસભાની ચૂંટણીને લગતા વિવિધ પ્રકારના વિશ્લેષણ અને આંકડાઓને લગતા લેખોનો સમાવેશ થાય છે.

મીડિયા કર્મચારી વેબસાઇટ પર ઉપલબ્ધ માહિતીનો ઉપયોગ ચૂંટણી સંબંધિત લેખો લખવા માટે કરી શકે છે. આ ઉપરાંત, તેના પર ઘણી ઉપયોગી અન્ય લિંક્સ પણ ઉપલબ્ધ છે, જેના દ્વારા પત્રકાર ચૂંટણી પંચની વેબસાઇટ પર સંબંધિત માહિતી સરળતાથી મેળવી શકે છે. આ વેબસાઈટ પર લોકસભા ચૂંટણીના સમયપત્રક અને નોટિફિકેશનને લગતી માહિતી પણ સમયાંતરે અપડેટ કરવામાં આવશે.

------------

# RANGBHOOMI DIVAS - MAHESANA

આજે વિશ્વ રંગમંચ દિવસની ઉજવણી થઇ રહી છે. વિશ્વભરમાં 27મી માર્ચે થિયેટર - રંગભૂમિનું મહત્વ સમજાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

આંતરરાષ્ટ્રીય રંગમંચ સંસ્થા દ્વારા 1962 ના વર્ષથી આ દિવસની શરૂઆત કરવામાં આવી હતી. વિશ્વ રંગમંચ દિવસની ઉજવણીના ભાગરૂપે

વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રંગભૂમિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

રંગભૂમિ પર ભજવાતી ભવાઇ એ ગુજરાતનું પરંપરાગત લોકનાટ્ય છે. ગુજરાતી રંગભૂમિનું પ્રથમ નાટક 1853માં મુંબઈ માં ભજવાયું હતું.

અમારા મહેસાણા જિલ્લાના પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે કે, રંગમંચ પર મહેસાણા જિલ્લામાં ઉમતા તેમજ પોચોટ ગામના કલાકારોએ દુનિયામાં નામના મેળવી હતી. ગુજરાતી નાટકોમાં જયશંકર સુંદરી તેમજ વિસમનગર તાલુકાના ઉમતા ગામના પ્રાણસુખ એડિપોલો પાત્ર ભજવનારા કલાકારોએ નામના અપાવી હતી. અસાઈત ઠાકર દ્વારા લખાયેલા 300 થી વધુ ભવાઈના વેશ એક જમાનામાં મનોરંજન સાથે જ્ઞાન આપતા હતા.

. . . . . . . . . . . . . . . . . . .

## SPECIAL TRAIN EXTEND

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગને ધ્યાનમાં રાખીને 3 જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરા વધારવામાં આવ્યા છે.

જેમાં ગાંધીનગર - ભુજ સ્પેશિયલ ટ્રેન અને ભૂજ-ગાંધીનગર સ્પેશિયલ ટ્રેનને 30 જૂન 2024, સુધી વધારવામા આવી છે.

બાન્દ્રા ટર્મિનસ-ગાંધીધામ અને ગાંધીધામ-બાન્દ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનને 27 જૂન, 2024 સુધી વધારવામાં આવી છે.

બાન્દ્રા ટર્મિનસ-ભાવનગર ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનને 28 જૂન, 2024 સુધી અને ભાવનગર-બાન્દ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનને 27 જૂન, 2024 સુધી વધારવામાં આવી છે.

આ તમામ ટ્રેનોનું બુકીંગ આવતીકાલથી પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે.

------------

## ARCHERY COACH WOKSHOP

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં વેસ્ટ ઝોનનું આર્ચરી કોચ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું.

અમારા દમણના પ્રતિનિધિ પ્રદીપ ભાવસાર જણાવે છે કે, દમણ - દીવ આર્ચરી એસોસિએશનના સહકારથી યોજાયેલ વર્કશોપમાં ગોવા, મહારાષ્ટ્ર, ગુજરાત, દમણ - દીવ સહિત અન્ય રાજ્યોના કોચ અને ટ્રેનર્સ જોડાયા હતાં.

.................................

## KHADHY SURAKSHA PAARISAMVAAD –VALSAD

વલસાડ ખાતે અખિલ આગામી 29મી માર્ચે ગ્રાહકોની સમસ્યા અને ખાધ સુરક્ષા પર પરિસંવાદ યોજાશે.

વલસાડથી અમારાં પ્રતિનિધિ નવીન પટેલ માહિતી આપે છે કે , અખિલ ભારતીય ઉપભોક્તા ઉત્થાન સંગઠન તથા ગ્રાહક કલ્યાણ મંડળ

વલસાડ દ્વારા તીથલ રોડપર આવેલ પટેલ સમાજની વાડી ખાતે "ગ્રાહકોની સમસ્યા તથા ખાદ્ય સુરક્ષા" પર એક પરીસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રકારનું આયોજન વલસાડ જિલ્લામાં પ્રથમવાર  થઈ રહ્યું છે.

પરીસંવાદમાં વક્તાઓ તરીકે ગુજરાત રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ્સ કમિશનર હેમંત કોશિયા તથા કન્ઝ્યુમર કનફેડરેશન ઓફ ઇન્ડિયાનાં કાર્યકારી પ્રમુખ શ્રીમતી પ્રીતિ પંડ્યા ઉપસ્થિત રહેશે.

વલસાડના એમ.જી. રોડ પર આવેલ આશાપુરા જવેલર્સ  ખાતેથી કાર્યક્રમના પ્રવેશ કાર્ડ મેળવી શકાશે.

.................

## KUTCH- MAHILA MATDAN MATHAK

કચ્છ જિલ્લામાં લોકસભા ચૂંટણીમાં મહિલાઓ માટે ખાસ સુવિધા સાથેના 42 સખી મતદાન મથકોની વ્યવસ્થા કરવામાં આવશે. જ્યાં તમામ પોલીંગ સ્ટાફથી માંડીને સિક્યોરીટી સ્ટાફ મહિલા તરીકે ફરજ બજાવશે. આ ઉપરાંત દિવ્યાંગો માટેના 6 મતદાન મથકોમાં દિવ્યાંગ પોલીંગ સ્ટાફ સંચાલિત રહેશે.

------------

## RAJPIPLA –MANDIR PRAGATYOTSAV

રાજપીપલા ખાતે હરસિદ્ધિ માતાજી મંદિરના 423માં પ્રાગટ્ય મહોત્સવની આજે ઉજવણી કરવામાં આવી હતી. રાજપીપલાના રાજવી પરિવારની કુળદેવી હરસિદ્ધિ માતાજી મંદિરના બે દિવસીય પ્રાગટ્ય મહોત્સવના પ્રથમ દિવસે સૌ પ્રથમ વાર ભવ્ય નગરયાત્રા નીકળી હતી. બાલિકાઓની કળશ યાત્રા, સાથે મોટી સંખ્યામાં ગરબે રમતી મહિલાઓ સાથે નીકળેલી નગર યાત્રાનું શહેરમાં ઘણાં સ્થળોએ સ્વાગત કરવામાં આવ્યું હતું.

------------